**ક્રિ. કે. નં.૭૭૦૩/૨૦૧૬**

**: આંક – ૧ લગત હુકમ :**

(૧) ફરિયાદી, વિવેર વિરેન્દ્રમોહન બક્ષી તે એસ. એસ. ટેક્ષટાઈલ્સના પ્રોપરાઈટર દ્વારા હાલની ખાનગી સ્વરૂપની ફરિયાદ આરોપી સામે ધી. એન. આઈ. એકટની કલમ ૧૩૮ મુજબ દાખલ કરેલ છે. જે ફરિયાદ ફરયાદીએ સને ૨૦૧૬ માં દાખલ કરેલ છે. જે બાદ ફરિયાદી હાજર રહેલ નથી. હાલના કેસનું રેકર્ડ ધ્યાને લેતા કામ આરોપીને સમન્સની બજણી માટે મુલતવી રાખેલ છે. જે બાદ હાલના કામે ફરિયાદી કે વિ.વ.શ્રી હાજર થયેલ ન હોય ફરિયાદીને તા.૧૭/૮/૨૦૨૨ ના રોજ હાજર રહેવા સબબ સમન્સ કરતા તે ધોરણસર રીતે ફરિયાદીને બજવણી થયેલ છે. જે બાદ ફરિયાદી આજદીન સુધી અદાલત સમક્ષ હાજર રહેલ નથી. હાલના કામે ફરિયાદ દાખલ કર્યાબાદ ફરિયાદી તથા વિ.વ.શ્રી હાજર રહી આગળની કાર્યવાહી કરેલ નથી કે નવિન સરનામું રજૂ કરેલ નથી. જેથી હાલના કેસનું રેકર્ડ ધ્યાને લેતા ફરિયાદીને હાલની ફરિયાદ આગળ ચલાવવા રસ ન હોવાનું તેમજ તેઓ પાસે આરોપીને પ્રોસેસ બજવણી માટે કોઈ સરનામું ન હોવાનું જણાઈ આવે છે. જેથી હાલની ફરિયાદી ક્રિ. પ્રો. કોડ કલમ ૨૫૬ મુજબ કાઢી આજરોજ નેશનલ લોક અદાલતની સ્પેશીયલ સીટીંગમાં કાઢી નાંખવા માટે ઉચીત જણાઈ આવતુ હોય ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

// હુકમ //

- ફરિયાદીની હાલની ફરિયાદ ક્રિ. પ્રો. કોડ કલમ ૨૫૬ અન્વયે ફરિયાદીની ગેરહાજરી તથા પ્રોસેસ બજાવવા માટે સરનામું રજૂ ન કરવાના કારણ સર કાઢી નાંખવા હુકમ કરવામાં આવે છે.
- આરોપીને છોડી મુકવા હુકમ કરવામાં આવે છે.
- આરોપીનું સરનામું મળી આવેથી ફરિયાદી ક્રિ. પ્રો. કોડ કલમ ૩૦૦(૫) મુજબ કાર્યાવાહી કરવા હકકદાર રહેશે.

હુકમ આજ તા.૧૩મી મે સને ૨૦૨૩ ના રોજ નેશનલ લોક અદાલતની સ્પેશીયલ સીટીંગમાં જાહેર કર્યો.

તા.૧૩/૫/૨૦૨૩

**નીરવકુમાર બિહારીભાઈ પટેલ**
૧૮માં એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
સુરત – કોડ નં. જીજે ૦૧૧૨૬